# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫
ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭
Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


## પરિપત્ર ક્રમાંક : ૧૦/૨૦૧૮

**વિષય : જીવવિજ્ઞાન (Biology) વિષયના શિક્ષકોની માન્યતા અનુસ્નાતક કક્ષાની પદવીના મુખ્ય વિષય વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીશાસ્ત્ર વિષયમાં તબદીલ કરવા અંગે.**

આથી આ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાશાખાના અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓ/સંયોજકશ્રીઓ તથા સંલગ્ન તમામ સાયન્સ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે :–

આપને સુવિદિત છે તેમ,સ્નાતક કક્ષાએ પ્રવર્તમાન ચોઈસ બેઈઝડ ક્રેડીટ સિસ્ટમ (CBCS સેમેસ્ટર પધ્ધતિ) શૈ.વર્ષ : ૨૦૧૧–૧૨ થી અમલમાં આવી તે અગાઉ વાર્ષિક પધ્ધતિમાં અમલી અભ્યાસક્રમોમાં સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષમાં જીવવિજ્ઞાન એક સ્વતંત્ર વિષય તરીકે હોઈ,તેમાં કોલેજોને જોડાણની મંજૂરી અને અધ્યાપકોને માન્યતા આપવામાં આવતી હતી. પરંતુ સેમેસ્ટર સિસ્ટમ અમલમાં આવતાં વિષયોના માળખામાં પરિવર્તનો થતાં,સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ષ (સેમેસ્ટર–૧ અને ૨) થી જ જીવવિજ્ઞાન વિષયને રદ કરી તેના જ ભાગ ગણાતા વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્ર અલગ વિષયો તરીકે અમલી બનાવી તેમાં જોડાણની મંજૂરી અને અધ્યાપકોને માન્યતા આપવામાં આવે છે.

વિષયોના માળખામાં ઉપરોકત ફેરફારના કારણે,વાર્ષિક ધોરણની પધ્ધતિમાં જીવવિજ્ઞાન વિષયમાં માન્યતા મેળવી હોય તેવા અધ્યાપકો પોતાની અનુસ્નાતક પદવીના મુખ્ય વિષય વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીશાસ્ત્ર વિષયોના શિક્ષકોની યાદીમાં સમાવિષ્ટ નહી થવાના કારણે યુનિવર્સિટી કક્ષાની અધ્યયન, તજજ્ઞ કે પરીક્ષાલક્ષી કામગીરીમાં મળતી તકોથી વંચિત રહેતા હોવાની યુનિવર્સિટીને વિવિધ સ્તરે રજૂઆતો કરવામાં આવે છે.

આ સંદર્ભમાં જોડાણ અને માન્યતા અંગે સર્વગ્રાહી નીતિ નિર્ધારીત કરવાના હેતુસર યુનિવર્સિટીની કારોબારી સમિતિની તા.૦૯/૦૮/૨૦૧૭ ની સભાના ઠરાવ ક્રમાંક–૨૫ થી રચાયેલ પેટાસમિતિ ધ્વારા રજૂ કરાયેલ તા.૧૫/૦૯/૨૦૧૭ ના અહેવાલનો કારોબારી સમિતીની તા.૨૭/૧૨/૨૦૧૭ ની સભાએ ઠરાવ ક્રમાંક–૫૬ થી સ્વીકાર કરેલ છે.

કારોબારી સમિતીના ઉપર ફકરા–૪ માં નિર્દિષ્ટ નિર્ણય અનુસાર,વાર્ષિક ધોરણની પધ્ધતિમાં જે અધ્યાપકોને જીવવિજ્ઞાન વિષયમાં માન્યતા મળેલ છે. તેઓની માન્યતા જે તે અધ્યાપકની અનુસ્નાતક પદવીના મુખ્ય વિષય વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીશાસ્ત્ર (જે લાગુ પડે તે ) માં આપોઆપ પરિવર્તિત કરવાના આથી આદેશ કરવામાં આવે છે. આ માટે જે તે અધ્યાપકોએ માન્યતા સંદર્ભે યુનિવર્સિટીને વ્યકિતગત રજૂઆત કરવાની રહેશે નહી.પરંતુ વનસ્પતિશાસ્ત્ર અથવા પ્રાણીશાસ્ત્ર વિષયની યુનિવર્સિટી કક્ષાની અધ્યયન, તજજ્ઞ કે પરીક્ષાલક્ષી કામગીરી માટે તૈયાર થતી શિક્ષકોની યાદીમાં સમાવેશ માટે જે તે અધ્યાપકની રજૂઆત અનુસ્નાતક વિભાગના વડાશ્રી/કોલેજના આચાર્યશ્રીએ ભલામણ સહ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે.

આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા અને સંબધિત સર્વેને આપના સ્તરેથી વંચાણે લાવવા વિનંતી છે.

**સહી/–**
**કા.કુલસચિવ**

નં.–એકે/માન્યતા/૧૦૦૮૭/૨૦૧૮
તારીખ : ૦૮/૦૨/૨૦૧૮

**પ્રતિ,**

૧. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાશાખાના અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ/સંયોજકશ્રીઓ તરફ,
૨. યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાની તમામ કોલેજોના આચાર્યશ્રી ઓ તરફ,
૩. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૪. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૫. નાયબ કુલસચિવશ્રી,એકેડેમિક વિભાગ,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૬. જોડાણ/સત્તામંડળ/અનુસ્નાતક/અભ્યાસ સમિતિ/પ્રવેશ પ્રશાખા,એકેડેમિક વિભાગ,હેમ.ઉત્તર ગુજરાત યુનિ, **પાટણ**
૭. પરીક્ષા નિયામકશ્રી,પરીક્ષા વિભાગ,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૮. મુખ્ય હિસાબી અધિકારીશ્રી,મહેકમ શાખા,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૯. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, **પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)**
૧૦. ગ્રંથપાલશ્રી,યુનિવર્સિટી ગ્રંથાલય,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ (ઉદીચ્યમાં પ્રસિધ્ધ કરવા સારૂ)**
૧૧. સિલેકટ ફાઈલે.